# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ માત્ર ટેક્નોલોજી નથી, પરંતુ દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો અવસર
2. સુખ, સમૃધ્ધિ અને શાંતિ લાવે તેવી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને લોકસભાના અધ્યક્ષે દેશવાસીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી
3. રાષ્ટ્રીય રમતગમત વહીવટ અધિનિયમ, 2025, આજથી આંશિક રીતે અમલમાં આવ્યો
4. યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI)ના ડિસેમ્બરના નાણાકિય વ્યવહારોના કદમાં વાર્ષિક 29 ટકાનો વધારો
5. પર્થ એરપોર્ટ નજીક જીવલેણ જંગલમાં આગ લાગતા ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ કટોકટીની ચેતવણી જારી કરી
6. ઝોહરાન મમદાની ન્યુ યોર્કસિટીના પ્રથમ દક્ષિણ એશિયાઇ મેયર બન્યાં

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ-SOAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ માત્ર એક ટેકનોલોજી નથી પરંતુ દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવાની તક છે. આજે રાષ્ટ્રપતિ ભવનમાં **SOAR-Skilling for AI Readiness** હેઠળ એક વિશેષ કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, વિવિધ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું મહત્વ ઝડપથી વધી રહ્યું છે અને દરેક વ્યક્તિ માટે ટેકનોલોજી શીખવી અનિવાર્ય છે.

આ કાર્યક્રમ દરમિયાન, રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓ અને સંસદ સભ્યો **AI** તાલીમના પ્રમાણપત્રો એનાયત કર્યા અને સ્કિલ ધ નેશન ચેલેન્જ નામનું રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન શરૂ કર્યું.

(બાઇટ- દ્રૌપદી મુર્મુ , રાષ્ટ્રપતિ)

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ VP PM-NEW YEAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવા વર્ષ **2026** નિમિત્તે દેશવાસીઓને

શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે, નવું વર્ષ નવી ઉર્જા અને સકારાત્મક પરિવર્તનનું પ્રતીક છે, અને આત્મચિંતન અને નવા સંકલ્પો માટે એક તક તરીકે સેવા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ દરેકને રાષ્ટ્રના વિકાસ, સામાજિક સંવાદિતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા વિનંતી કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી કે આ વર્ષ બધા માટે શાંતિ, સારું સ્વાસ્થ્ય, ખુશી અને સમૃદ્ધિ લાવશે, અને એક સશક્ત અને વિકસિત ભારત બનાવવા માટે તેમના સામૂહિક સંકલ્પને મજબૂત બનાવશે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશા વ્યક્ત કરી કે આ વર્ષ સારું સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ લાવશે, જેમાં દરેકના પ્રયત્નોમાં સફળતા અને પરિપૂર્ણતા રહેશે. તેમણે સમાજમાં શાંતિ અને ખુશી માટે પ્રાર્થના કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## OM BIRLA-NEW YEAR

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે નવા વર્ષ **2026** ની શુભેચ્છાઓ પાઠવી છે. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ પર એક વિડીયો સંદેશ શેર કરતા, શ્રી બિરલાએ આશા વ્યક્ત કરી કે નવું વર્ષ દરેકના જીવનમાં નવા સપના, નવી ઉર્જા, નવી તકો અને અનંત સમૃદ્ધિ લાવે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# SPORTS ADMINISTRATION ACT

રાષ્ટ્રીય રમતગમત વહીવટ અધિનિયમ, 2025, આજથી આંશિક રીતે અમલમાં આવ્યો છે. કેન્દ્રએ આ કાયદાની કેટલીક જોગવાઈઓના અમલીકરણ અંગે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાયદાનો ઉદ્દેશ્ય રમતવીરોના કલ્યાણ માટે રમતગમત વહીવટમાં પારદર્શિતા, જવાબદારી, નૈતિક આચરણ અને સુશાસનને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# NPCI-UPI TRANSACTION

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ **(UPI)** એ ડિસેમ્બરમાં તેની વૃદ્ધિની ગતિ યથાવત રાખીને નાણાકિય વ્યવહારોના કદમાં વાર્ષિક **29** ટકાનો વધારો નોંધાવ્યો છે. જે **21.63** અબજ રૂપિયા થયો. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર,

ટ્રાન્ઝેક્શનનું મૂલ્ય પણ વાર્ષિક 20 ટકા વધીને લગભગ 28 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યુ છે.

પ્રતિમાસના આધારે, નાણાંકિય વ્યવહારો અને મૂલ્ય બંનેમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ. ગયા મહિનામાં સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શન મૂલ્ય 90 હજાર 217 કરોડ રૂપિયા રહ્યું, જે નવેમ્બર 2025 માં 87 હજાર 721 કરોડ રૂપિયા હતું.

સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શન સંખ્યા પાછલા મહિનામાં 682 મિલિયનથી વધીને 698 મિલિયન થઈ ગઈ. આ દરમિયાન, ડિસેમ્બરમાં તાત્કાલિક ચુકવણી સેવા દ્વારા ટ્રાન્ઝેક્શન 6.62 લાખ કરોડ રૂપિયા થયા, જે વાર્ષિક 10 ટકાનો વધારો દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## WEATHER -RAJASTHAN

નવા વર્ષના પહેલા દિવસે રાજસ્થાનમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. રાજ્યમાં કરા અને હળવો વરસાદ શરૂ થયો છે. જયપુર, ચિત્તોડગઢ, અજમેર, કોટા અને સીકર સહિતના અનેક જિલ્લાઓમાં સવારથી જ વરસાદ પડી રહ્યો છે, જ્યારે ગઇકાલે  મોડી રાત્રે બિકાનેરમાં કરા પડવાથી ઠંડીનું પ્રમાણ વધ્યું છે.

હવામાન વિભાગ દ્વારા અપાયેલી ચેતવણી અનુસાર રાજ્યના મોટાભાગના ભાગોમાં શીત લહેર અને ગાઢ ધુમ્મસ છવાયેલ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# NIMESULIDE DRUG BAN

સરકારે 100 મિલિગ્રામથી વધુ નિમેસુલાઇડ યુક્ત બધી દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો છે. આરોગ્ય અને

પરિવાર કલ્યાણ મંત્રાલયે એક અધિસૂચનામાં જણાવ્યું છે કે ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ સાથે ચર્ચા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ 1940 ની કલમ 26 A હેઠળ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નોટિફિકેશનમાં જણાવાયું છે કે નિમેસુલાઇડ ધરાવતી બધી દવાઓનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે જોખમી હોઈ શકે છે. તેમાં ઉમેર્યું હતું કે નિમેસુલાઇડના સુરક્ષિત વિકલ્પો બજારમાં ઉપલબ્ધ છે.

નિમેસુલાઇડ એક નોનસ્ટીરોઇડલ એન્ટી-ઇન્ફ્લેમેટરી દવા છે. તેનો ઉપયોગ તીવ્ર દુખાવાની સારવારમાં થાય છે.

. . . . . . . . . . . . . . . .

## AUS-BUSHFIRE

પર્થ એરપોર્ટ નજીક જીવલેણ જંગલમાં આગ લાગતા ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ કટોકટીની ચેતવણી જારી કરી છે. ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ (DFES) વિભાગે જણાવ્યું છે કે ઉત્તર દિશા તરફ આગળ વધી રહેલી દવ જીવન અને ઘરો માટે ખતરો ઉભો કરે છે અને રહેવાસીઓએ બચવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

અધિકારીઓએ મધ્ય પર્થથી 15 કિલોમીટર પૂર્વમાં અને શહેરના આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી 5 કિલોમીટર દૂર આવેલા કાલામુંડા પ્રદેશના રહેવાસીઓને તાત્કાલિક સ્થળાંતર કરવાની ચેતવણી આપી છે. DFES એ જણાવ્યું હતું કે જે લોકો આ વિસ્તાર છોડી શકતા નથી તેઓએ વહેતું પાણી અને બહાર નીકળવાનો રસ્તો ધરાવતા રૂમમાં પોતાના ઘરમાં આશ્રય લેવાની તૈયારી કરવી જોઈએ. કાલામુંડા અને પડોશી અસરગ્રસ્ત મેડા વેલે અને ફોરેસ્ટફિલ્ડ ઉપનગરોમાં સંયુક્ત રીતે લગભગ 25 હજાર લોકો રહે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## MAMDANI-NY CITY MAYOR

મેનહટનના જૂના સિટી હોલ સબવે સ્ટેશન પર આજે આયોજિત એક ઐતિહાસિક સમારોહમાં ઝોહરાન મમદાનીએ ન્યૂ યોર્ક શહેરના મેયર તરીકે શપથ લીધા. ડેમોક્રેટ મમદાનીએ આજે સવારે પદના શપથ લીધા. મમદાની અમેરિકાના સૌથી મોટા શહેરના પ્રથમ મુસ્લિમ પ્રથમ નેતા બન્યા છે.

તેઓ દક્ષિણ એશિયન વંશના પ્રથમ મેયર છે, આફ્રિકામાં જન્મેલા પ્રથમ વ્યક્તિ છે, અને 34 વર્ષની ઉંમરે, તેઓ સૌથી યુવાન મેયર બન્યા.

તેમણે ચૂંટણી દરમિયાન અનેક સુધારા સૂચવ્યા બાદ તેમનો વિજય થયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# US CII

અમેરિકી ગુપ્તચર એજન્સી, સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ) એ ખુલાસો કર્યો છે કે,"યુક્રેને ડ્રોન હુમલામાં પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવ્યું ન હતું."

અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે,"ક્રેમલિનના દાવા બાદ સત્ય નક્કી કરવા માટે સીઆઈએ, યુક્રેન ડ્રોન હુમલાનું મૂલ્યાંકન કર્યું હતું કે, યુક્રેને ઉત્તર યુક્રેનમાં તાજેતરમાં ડ્રોન હુમલામાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા ઉપયોગમાં લેવાતા, નિવાસસ્થાનને નિશાન બનાવ્યું ન હતું. આ મૂલ્યાંકન સોમવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન રશિયન નેતાના દાવાનું ખંડન કરે છે.

સીએનએનના અહેવાલ મુજબ, "અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીઆઈએના ડિરેક્ટર જોન રેટક્લિફે બુધવારે ટ્રમ્પને આ મૂલ્યાંકન અંગે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# UN-2026 BUDGET

સંયુક્ત રાષ્ટ્રએ 2026ની શરૂઆત 3.45 અબજ અમેરિકન ડોલરના નિયમિત બજેટમાં મોટો ઘટાડો કર્યો છે. નાણાકિય તંગી, અને સમગ્ર સંસ્થામાં 19 ટકા નોકરીઓમાં કાપ મૂકીને આ અંદાજપત્ર જાહેર કર્યું છે..

સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના અંદાજપત્રના પ્રસ્તાવને યુએન જનરલ એસેમ્બલીએ સ્વીકાર્યો છે. મંજૂર થયેલ બજેટ લગભગ 270 મિલિયન યુએસ ડોલર જે 2025માં ફાળવવામાં આવેલા 3.72 અબજ યુએસ ડોલર કરતા ઓછું છે. બજેટમાં ફક્ત યુએનના મુખ્ય કાર્યોને આવરી લેવામાં આવ્યા છે. શાંતિ સલામતી મિશન અને યુનેસ્કો અને વિશ્વ આરોગ્ય સંગઠન જેવી વિશેષ એજન્સીઓ માટે અલગ બજેટ અસ્તિત્વમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# DFS - FINANCIAL ASSETS

નાણાકીય સેવાઓ વિભાગે ત્રણ મહિના લાંબા રાષ્ટ્રવ્યાપી અભિયાન, આપકી પુંજી, આપકા અધિકાર - તમારા પૈસા, તમારા અધિકારને સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે, જે નાગરિકોને તેમની દાવો ન કરેલી નાણાકીય

સંપત્તિઓ શોધી કાઢવા અને તેનો દાવો કરવા સક્ષમ બનાવે છે. જેમાં બેંક થાપણો, વીમાની રકમ, મ્યુચ્યુઅલ ફંડ, ડિવિડન્ડ અને શેરનો સમાવેશ થાય છે. આ અભિયાન દરમિયાન દેશભરના 748 જિલ્લાઓમાં સંરચિત અને તબક્કાવાર રીતે શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક નિવેદનમાં કેન્દ્રીય નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે આ અભિયાન નાણાકીય વ્યવસ્થાના લાભો છેલ્લામાં છેલ્લા નાગરિક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત છે, જેનાથી નાગરિકોને સશક્ત બનાવવામાં આવ્યા છે.

આ અભિયાન 3A ફ્રેમવર્ક - જાગૃતિ, એક્સેસ અને કાર્યવાહી પર આધારિત હતું. આ અભિયાનનો શુભારંભ 4 ઓક્ટોબર 2025ના રોજ ગુજરાતના ગાંધીનગર ખાતે કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

## NIA-YEAR ENDER

2025નું વર્ષ રાષ્ટ્રીય તપાસ એજન્સી NIA માટે શ્રેણીબદ્ધ સિદ્ધિઓ દ્વારા ચિહ્નિત થયેલું રહ્યું જેણે 92 ટકાથી વધુ સફળતાનો પ્રભાવશાળી રેકોર્ડ જાળવી રાખ્યો હતો.

વર્ષ દરમિયાન NIA એ મોટી સફળતાઓ મેળવી જેમાં 26/11 ના માસ્ટરમાઇન્ડ તહવ્વુર રાણાનું અમેરિકાથી પ્રત્યાર્પણ, તેમજ પહેલગામ અને દિલ્હી આતંકવાદી હુમલામાં સામેલ ઘણા આતંકવાદીઓ અને તેમના સહયોગીઓની ધરપકડનો સમાવેશ થાય છે. NIA એ દિલ્હી લાલ કિલ્લા વિસ્તાર કાર બ્લાસ્ટ કેસના બે મહિનાથી ઓછા સમયમાં નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ વર્ષે આતંકવાદ વિરોધી એજન્સીએ ડાબેરી ઉગ્રવાદ, LWE સામેની તેની કાર્યવાહીમાં મોટી પ્રગતિ કરી છે. કેન્દ્ર સરકારે 31 માર્ચ 2026 સુધીમાં ભારતને સંપૂર્ણપણે નક્સલ મુક્ત બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને NIA, રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો સાથે મળીને દેશભરમાં નક્સલવાદને દૂર કરવા કામ કરી રહી છે.

એજન્સીએ બાંગ્લાદેશ અને મ્યાનમાર નાગરિકો સાથે સંકળાયેલી સરહદ પાર માનવ તસ્કરીના કેસોમાં તેમજ લાઓસ અને કંબોડિયાના ગોલ્ડન ટ્રાયેંગલ ક્ષેત્રમાં ભારતીય યુવાનોને સાયબર ગુલામીમાં ધકેલી દેવાના કેસોમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી હતી.  વર્ષ દરમિયાન NIA એ ISIS, અલ-કાયદા, HUT અને કટ્ટરપંથીકરણ, ભરતી અને આતંકવાદી હુમલાના કેસોમાં સામેલ અન્ય જેહાદી સંગઠનો સામે તેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવવાનું ચાલુ રાખ્યું. NIA એ તપાસને મજબૂત બનાવવા અને

તેની ક્ષમતાઓને આધુનિક બનાવવાના હેતુથી મુખ્ય તકનીકી અને કાર્યકારી પ્રગતિ પણ કરી.